HGH INDIA 2016℠
Homedécor ▪▪▪ Gifts ▪▪▪ Houseware
JULY 1-3, 2016 MUMBAI, INDIA

NEWS 1

A TEXZONE Event

**Where business feels at home!**

પાંચમી આવૃત્તિ

# વધારે પ્રદર્શનકારો, નવા અવસરો

## ૧૦૦ નવા પ્રદર્શનકારો પાસેથી પ્રાપ્તિ, ૩૦ દેશો, અનેક મુખ્ય ભારતીય બ્રાન્ડ દ્વારા નવીનતમ રજૂઆતો



પાંચ વર્ષમાં, એટલે કે એચજીએચ ઈન્ડિયાની સ્થાપના થઇ ત્યારથી તે હોમ ટેક્સટાઇલ્સ, હોમ ડેકોર, હાઉસવેર અને ગિફ્ટ – આ તમામ માટે ભારત તેમ જ અન્ય દેશોમાંથી ભારતીય ખરીદકર્તાઓ તેમ જ વેચાણકર્તાઓ માટે એક ભરોસાપાત્ર વ્યાપાર શો બન્યો છે. છેલ્લાં વર્ષ દરમ્યાન, આ શો માટે આવતી પૂછપરછની સંખ્યામાં બમણો વધારો જોવા મળ્યો, જે દર્શાવે છે કે, વ્યાપાર, વિભિન્ન બ્રાન્ડ, ઉદ્યોગ અને આયાતકારો માટે આ શો કેટલી બધી ઉપયોગિતા ધરાવતો શો છે.

એચજીએચ ઈન્ડિયા ૨૦૧૬, આ વાર્ષિક શોની પાંચમી આવૃત્તિ છે અને જુલાઇ ૧–૩, ૨૦૧૬ દરમ્યાન, ભારત – મુંબઈમાં બોમ્બે એક્ઝિબિશન સેન્ટર ખાતે યોજવામાં આવશે. શોની તારીખથી બે મહિના પહેલાં જ એક વાત સ્પષ્ટ થઇ ગઇ છે કે એચજીએચ ઈન્ડિયા ૨૦૧૬, આ વ્યાપાર શોની અત્યાર સુધીની સૌથી વિશાળ આવૃત્તિ હશે અને આ શોમાં લગભગ ૩૦ દેશોમાંથી ૪૫૦થીય વધારે નિર્માતાઓની પ્રોડક્ટ અને બ્રાન્ડ રજૂ થશે. જર્મની, ઇટાલી, ફ્રાન્સ, બેલ્જિયમ, યૂકે, યૂએસએ, ઓસ્ટ્રેલિયા, ટર્કી, ચીન, હોંગકોંગ, જાપાન, કોરિઆ, તાઈવાન, ાઈલૅન્ડ, મલેશિયા, વિયતનામ, બાંગ્લાદેશ વગેરે દેશોમાંથી તથા ભારતના પણ કેટલાક નવા નિર્માતાઓ આ શોમાં પોતાની પ્રોડક્ટ અને બ્રાન્ડ પ્રદર્શિત કરવાના છે. આમાં કેટલીક પ્રોડક્ટ તો પરિકલ્પનાની દ્રષ્ટિએ, ભારતનાં બજારોમાં સૌથી પહેલી વાર જ રજૂ થશે.

એચજીએચ ઈન્ડિયા ૨૦૧૬માં, નિયમિત પ્રદર્શનકારો ઉપરાંત, આ વખતે જેઓ ફરીથી પ્રદર્શનમાં સામેલ થવાના છે તેમાંથી ૮૦ % લોકો, પોતાની ઘણી નવીનતાઓ તેમ જ નવાં કલેક્શનો અહીં સૌ પ્રથમ વખત રજૂ કરશે. અહીં ભારતીય અને આંતરરાષ્ટ્રીય પ્રોડક્ટની અનેક શ્રેણીઓ તેમ જ સપ્લાયરો આ વખતે પહેલી જ વખત અહીં રજૂ થતાં જોવા મળશે. આમ રીટેલરો, વિતરકો (ડિસ્ટ્રિબ્યૂટર) તથા સંસ્થાકીય (ઈન્સ્ટિટ્યૂશનલ) ખરીદકર્તાઓ માટે, આ પ્રદર્શનની મુલાકાત વધારે રોચક અને આકર્ષક બની રહેશે.

અનુમાન છે કે અહીં ખરેખરો રસ ધરાવનારા વ્યાપાર મુલાકાતીઓ ઉમટશે, જેમાં ભારતભરનાં ૪૨૫થી વધારે શહેરો અને નગરોમાંથી ભારતીય રીટેલરો, આયાતકારો (ઇમ્પોર્ટર્સ), જથ્થાબંધ વેપારીઓ (હોલસેલર્સ), વિતરકો, સ્થપતિઓ (આર્કિટેક્ટ્સ) અને સંસ્થાકીય ખરીદકર્તાઓ સમાવિષ્ટ છે. હાલમાં આ શોમાં રસ ધરાવનારાઓની ખૂબ ઘણી સંખ્યા છે તે જોતાં અનુમાન છે કે, ગયાં વર્ષે મુલાકાતીઓની સંખ્યા ૨૨,૭૫૦ની હતી, તેમાં આ વર્ષે ૨૫%નો વધારો થશે.

આ પ્રદર્શનની રચના, ઝડપથી વિકસતાં જતાં ભારતીય હોમ ફેશન બજારને અનુલક્ષીને તૈયાર કરવામાં આવી છે, જે ભારતમાંના સંભવિત વ્યાપાર ભાગીદારોને, લગભગ ૩૦ દેશોમાંથી અહીં આવનારા પ્રદર્શનકારોની સાથે, એક કેન્દ્રિત વાતાવરણમાં લાવશે, તેમને જોડશે.

એચજીએચ ઈન્ડિયાનો પ્રાથમિક ઉદ્ધેશ ભારતીય ડિપાર્ટમેન્ટ સ્ટોરો, હાઈપર માર્કેટ, ઇ–રીટેલરો, વિશેષ(સ્પેશિયાલિટી) રીટેલરો, ફ્રેન્ચાઇસી, બૂટિક, આયાતકારો, જથ્થાબંધ વેપારીઓ, વિતરકો, સંસ્થાકીય ખરીદકારો અને સંભવિત વ્યાપાર ભાગીદારો – આ તમામને, ભારતીય તથા આંતરરાષ્ટ્રીય નિર્માતાઓ, અનેક બ્રાન્ડ, આયાતકારો, નિકાસકારો તથા વિતરકોને એક મંચ પૂરો પાડવા અને એકબીજાં સાથે સાંકળવાનો છે.

એચજીએચ ઈન્ડિયા ૨૦૧૬, મુલાકાતીઓને એ જાણવામાં પણ મદદરૂપ થશે કે ૨૦૧૬/૧૭ દરમ્યાન, ફેશન પ્રવાહ તથા બજાર પ્રવાહ કેવા પ્રકારના રહેશે. આગામી રીટેલ સીઝન માટે ખરીદીના સંદર્ભમાં જેઓ આ પ્રદર્શનની મુલાકાત લેતાં હોય તેમને માટે, કોગ્નિઝન્સ – વિષયવસ્તુ અનુસાર તૈયાર થનારાં પેવિલિયનની મુલાકાત લેવી અનિવાર્ય બની રહેશે.

આ વ્યાપાર શો, પ્રદર્શનકર્તાઓ માટે શક્ય બનાવે છે કે તેઓ ભારતભરમાં રહેલા પોતાના વર્તમાન તેમ જ ભાવિ ગ્રાહકો સમક્ષ નવીનતાઓ તથા નવાં કલેક્શનો પ્રદર્શિત કરી શકે અને ભારતભરમાં વ્યાાપર પણ કરી શકે.

એચજીએચ ઈન્ડિયાની સૌથી પહેલી આવૃત્તિ ૨૦૧૨માં યોજાઇ હતી. ત્યારથી જ, વર્ષ દર વર્ષ, અહીં આવનારા પ્રદર્શનકર્તાઓ તેમજ મુલાકાતીઓમાં ૯૦%થી પણ વધારે પુનઃમુલાકાતીઓ હોય છે. આ વાત, દર્શાવે છે કે, ખરીદકર્તાઓ તેમ જ વેચાણકારો માટે આ મંચ એક શક્તિશાળી મંચ તરીકે કેટલો બધો અસરકારક પુરવાર થયો છે.

એચજીએચ ઈન્ડિયાનાં ચાર સફળ વાર્ષિક પ્રદર્શનો યોજાઇ ચૂક્યાં છે ત્યારે, હવે તે પોતાનું સ્થાન, એક વિશ્વ–સ્તરીય, વ્યાવસાયિક, નૂતન પ્રવાહ સ્થાપિત કરનારા અને પરિણામદાયી શો તરીકે સુસ્થાપિત કરી ચૂક્યો છે. ભારતના વ્યાપારીઓ અને સંસ્થાકીય ખરીદકારો જે સમયે માલની ખરીદી કરતા હોય છે, તે સમયે યોજાનાર શો એચજીએચ ઈન્ડિયા તો, વૃદ્ધિ માર્ગે આગળ વધતો જ રહે છે, સાથોસાથ, અહીં ભાગ લેનારા પ્રદર્શનકારો તથા મુલાકાતીઓ પણ ઉચ્ચ કક્ષાના અને ગુણવત્તાપૂર્ણ હોય છે અને આ બાબત આ શોમાં, સુપેરે જળવાતી રહેતી જોવા મળી છે.




**નવીનતાઓ ■ પ્રવાહો ■ ઉત્પાદનો ■ પ્રાપ્તિસ્થાનો ■ અવસરો**

# એચજીએચ ઈન્ડિયા ૨૦૧૬ : અહીં પ્રાપ્તિસ્થાન બને છે ૪૫૦ બ્રાન્ડ અને નિર્માતાઓ

## ભારતીય બજાર

અહીં એક બાજુ અર્થતંત્રમાં વાર્ષિક ૭%થી ૯%ના દરે વધારો થાય છે, તો બીજી બાજુ, આધુનિકતા પસંદ, ગતિશીલ, યુવા તેમ જ મહત્ત્વાકાંક્ષી ગ્રાહક વર્ગ છે. આવા સંજોગોમાં ભારતીય અને આંતરરાષ્ટ્રીય બજાર ખેલાડીઓ માટે અનંત બજાર સંભાવનાઓ ભરી છે.

સમગ્રપણે, ભારતમાં હોમ પ્રોડક્ટ માટેની માંગમાં પ્રતિ વર્ષ ૨૦%થી ૨૫%ના દરે વૃદ્ધિ થાય છે. આની સાથે હોમ ટેક્સટાઈલ્સ, બ્લાઈન્ડ્ઝ, ફ્લોર કવરિંગ અને વૉલ પેપર માટેની માંગમાં ૨૦%થી ૩૦%નો વધારો થાય છે, જ્યારે હાઉસવેરમાં ૧૫%થી ૨૦%નો અને ભેટ– ગિફ્ટમાં દર વર્ષે ૧૦%થી ૧૫%નો વધારો થાય છે.

આ ખૂબ વિશાળ પરંતુ અત્યંત વિવિધતાભર્યું બજાર છે. એવામાં, ભારતની અને આંતરરાષ્ટ્રીય બ્રાન્ડો તેમ જ નિર્માતાઓ માટે એક મોટો અને કપરો પડકાર છે વિશ્વસનીય તેમ જ ટકાઉ વ્યાપાર ભાગીદારો સાથે જોડાવાનો. એચજીએચ ઈન્ડિયા, વિવિધ શ્રેણીઓ જેવી કે હોમ ટેક્સટાઈલ્સ, ફર્નિશિંગ્સ, હોમ ડેકોર, હાઉસવેર અને ગિફ્ટ્સની બાબતમાં આ સમસ્યાનો સચોટ ઉકેલ પૂરો પાડે છે. આ વ્યાપાર શો, અહીં ભાગ લેનારા પ્રદર્શનકર્તાઓને, ખરીદી બાબતે નિર્ણાયક ભૂમિકા ભજવનારા ભારતના સ્થાપિત રીટેલરો, આયાતકારો, વિતરકો, જથ્થાબંધ વ્યાપારીઓ અને એજન્ટો સાથે સાંકળી આપે છે, મેળવી આપે છે.

એચજીએચ ઈન્ડિયા ૨૦૧૬–જુલાઈની ૧થી ૩ દરમ્યાન યોજાશે અને તે વિશે વધુ માહિતી ઑનલાઈન સ્રોત www.hghindia.com પરથી મેળવી શકાશે.










## એચજીએચ ઈન્ડિયા ૨૦૧૫નાં સારાં પરિણામોની એક ઝલક

એચજીએચ ઈન્ડિયા ૨૦૧૫માં કેટલીક હાઈ–પાવર્ડ બ્રાન્ડ અને પ્રોડક્ટો, વ્યાપાર યોજનાઓ તથા નવાં નવાં કેમ્પેનની રજૂઆત સૌથી પહેલી વખત અહીં જ કરવામાં આવી. જુદા જુદા પ્રદર્શનકારોએ, અવનવી ખૂબીઓ ધરાવતી સેંકડો નવી ડિઝાઈનો તેમ જ અનેકવિધ પ્રોડક્ટ, સૌથી પહેલી વખત અહીં રજૂ કરી. વ્યાપાર શોની આ આવૃત્તિ દરમ્યાન ટ્રાઈડન્ટ ગ્રૂપ દ્વારા એક મહત્ત્વપૂર્ણ લૉન્ચ, એ જ રીતે શેફ સંજીવ કપૂર દ્વારા પણ નૂતન પ્રસ્તુતિ કરાઈ, ડિસિટેક્સ ફર્નિશિંગ દ્વારા એક નવું અને અનોખા પ્રકારનું બેડ લિનન રજૂ કરાયું. આ બધાંને કારણે તથા અન્ય પ્રદર્શનકર્તાઓ દ્વારા બીજાં અનેક નવાં તેમ જ અનોખા પ્રકારનાં કલેક્શનો રજૂ કરાવાને કારણે ત્રણ દિવસના આ વ્યાપાર શોમાં સારી એવી હલચલ જોવા મળી.

અહીં ૨૮ દેશોમાંથી પ્રોડક્ટ પ્રદર્શિત કરાઈ હતી–જેમાં જર્મનીની આંતરરાષ્ટ્રીય બ્રાન્ડ ઝિવસેલ, સ્પેનિશ બ્રાન્ડ **જુપાલ** તરફથી સ્ટોરેજ–ક્લીનિંગ રેન્જ, ઈટાલિયન બ્રાન્ડ **રોસેટી** તરફથી કૂકવેર અને કટલરી પ્રદર્શિત કરવામાં આવી હતી. આ બધાં ઉપરાંત **હર્લેક્વિન, કેસેમાંસે, ડિઝાઈનર્સ ગિલ્ડ, ઝિમર + રોડ, ફોરેસ્ટ, નેચમૅન્ન** અને અન્ય કંઈ કેટલાય તરફથી જે નવી રજૂઆતો કરવામાં આવી તે, તમામ આ શોનાં આકર્ષણનું કેન્દ્ર બની હતી. આ વ્યાપાર શોમાં **ચીનના ૨૫થી વધારે પ્રદર્શનકર્તાઓ** એવા હતા, જેઓ ભારતમાં સૌથી પહેલી વખત આવ્યા હતા.

**ભારત, ઈટાલી, જર્મની, સ્પેન, બેલ્જિયમ, ફ્રાન્સ, યૂકે, ચેક રિપબ્લિક, યૂએસએ, કેનેડા, ઑસ્ટ્રેલિયા, ચીન, તાઈવાન, કોરિઆ, થાઈલૅન્ડ, રશિયા, જોર્ડન, તુર્કી, હોંગકોંગ, યૂએઈ** અને અન્ય દેશોના નિયમિત અને પહેલી વખત આવનારા અનેક પ્રદર્શનકર્તાઓ દ્વારા આ વ્યાપાર શોમાં હોમ પ્રોડક્ટસમાં અત્યારે ચાલતી તેમ જ નવી પેટા–શ્રેણીઓમાં નવી પ્રોડક્ટ, નૂતન ડિઝાઈનો અને વિશાળ શ્રેણીઓ રજૂ કરવામાં આવી હતી.



## હોમ ટેક્સટાઈલ્સ એસોસિએશન ઑફ ઈન્ડિયા

એચજીએચ ઈન્ડિયા ૨૦૧૫ને, હોમ ટેક્સટાઈલ્સ એસોસિએશન ઑફ ઈન્ડિયા– ભારતના મોટા ભાગના હોમ ટેક્સટાઈલ્સ અને ફર્નિશિંગ રીટેલરોનું પ્રતિનિધિત્વ કરનારાં મંડળનો ટેકો પ્રાપ્ત છે. આ વ્યાપાર શો, એસોસિએશનની જનરલ બૉડી મીટનો મેજબાન બન્યો હતો.

**જગદીશ ખંડેલવાલ, હોમ ટેક્સટાઈલ્સ એસોસિએશન ઑફ ઈન્ડિયા** (એચટીએ)ના પ્રમુખ – તેમણે કહ્યું, ‘‘એચટી એસોસિએશન પોતાના સભ્યોનાં કલ્યાણ અને વ્યાપાર ઉન્નતિ માટે, બધી યોજનાઓ તથા કાર્યક્રમોને આધાર આપવા પર ધ્યાન આપશે. ‘મેડ ઈન ઈન્ડિયા’ ઉપર અમારું ધ્યાન કેન્દ્રિત કરીને તે દ્વારા અમે અમારા સ્થાનિક ગ્રાહકોને એ પણ દર્શાવીશું કે આપણી પ્રોડક્ટ્સ, દુનિયાની શ્રેષ્ઠ પ્રોડક્ટ્સની સમકક્ષ જ છે. એચજીએચ ઈન્ડિયા ટીમે એક એવા મંચની રચના કરી છે જ્યાં ભારતમાં પોતાની હોમ પ્રોડક્ટનું વેચાણ કરવા માગતા નિર્માતાઓ અને ભારતીય રીટેલરો–વ્યાપારીઓ, જેઓ આવી પ્રોડક્ટ મેળવવા માગે છે – આ બંનેય પક્ષકારો– વ્યાવસાયિક માહોલમાં, એક જ છત્ર તળે મળી શકે અને વ્યાપાર કરી શકે. આ ટીમ, તેની આ દૂરંદેશીતા માટે ધન્યવાદને પાત્ર છે.’’



# હોમ ટેક્સ્ટાઇલ્સ, હોમ ડેકોર, હાઉસવેર અને ગિફ્ટ્સની એક ઝલક

## મુલાકાતીઓ બોલે છે



**વિક્રમ ચીટનીસ,**

*હોમ સ્ટોપ, મુંબઈ*

પ્રોડક્ટ કેટેગરીની બાબતમાં, આ વર્ષે એચજીએચ ઇન્ડિયા શો વધારે વિવિધતાભર્યો અને વધારે વિકસિત છે. લાઇટિંગ તથા સેવાનાં ધોરણોમાં પણ નોંધપાત્ર સુધારો છે. પહેલા જ દિવસે, સમગ્રપણે એક પોઝિટિવ છાપ પડી છે.



**કૃતિ સેનોન,**

*બ્રાન્ડ એમ્બેસેડર– ટ્રાઇડન્ટ ગ્રૂપ*

જ્યારે હું અહીં આવી ત્યારે સાવ જુદો જ અનુભવ રહ્યો. અહીંનું ક્રાઉડ, અહીં તમને આપવામાં આવતી સ્પેસ, કંઇક છે, જે ખૂબ સરસ છે. તમે જ્યારે ચાલતાં હો, ત્યારે પણ આસપાસ અનેક લોકો, ઘણી બધી બ્રાન્ડ જોવા મળે છે. મારા માટે તો આ સાવ અલગ જ અનુભવ છે. સામાન્ય રીતે ઇવેન્ટ્સ અને બ્રાન્ડ લૉન્ચીસ આ રીતે નથી થતાં હોતાં, પરંતુ મને લાગે છે કે લૉન્ચ કરવા માટે આ એક પર્ફેક્ટ પ્લેસ છે, કેમકે જ્યાં બજાર છે ત્યાં જ એ છે, આ પ્રકારની બ્રાન્ડ માટે, આ પ્રકારનાં હોમ ડેકોર માટે લોકો અહીં આવે છે.



**દિલીપ ગાંધી,**

*નિદેશક, ભારત ફર્નિશિંગ*

પાછલાં વર્ષો દરમ્યાન થયેલા શોની સરખામણીમાં, સાઇઝ, પાર્ટિસિપન્ટ્સ અને ડેકોરેશન– આ તમામ બાબતોમાં આ વર્ષે બધાં બૂથ એકદમ જ જુદાં લાગે છે. એચજીએચ ઇન્ડિયામાં અમે એવા અનેક નિર્માતાઓને મળ્યા, જેમને આ અગાઉ ક્યારેય મળ્યા નથી. હવે દર વર્ષે આ શોમાં અમારે ઘણા નવા નવા નિર્માતાઓને મળવાનું થાય છે. બધા જ નિર્માતાઓ અહીં નવી નવી પ્રોડક્ટ્સ પ્રદર્શિત કરે છે, અહીં અમને આ બધું જોવા મળે છે અને ઑર્ડર પણ આપી શકીએ છીએ. એક જ સ્થળે આટલા બધા મેન્યૂફેક્ચરર્સને મળી શકવું, અમારા માટે ઘણું લાભકારી છે.

**ભાનુ ઉપાધ્યાય,**

*વોલમાર્ટ ઇન્ડિયા, દિલ્હી એનસીઆર*

અમે જે પણ પ્રોડક્ટ વેરાયટી અને કેટેગરી સોર્સ કરવા માગીએ છીએ, તેનો એક બહુ મોટો ભાગ એચજીએચ ઇન્ડિયામાં મળે છે. ભવિષ્યમાં અમે આ શો સાથે ચોક્કસ જ વધારે સારી રીતે સંકળાવા ઇચ્છીશું.



**હીરૂ ઠાકુરદાસ,**

*સી ઇઓ– હોમ ફુટવેર, ફ્યૂચર ગ્રૂપ*

વર્ષોથી હું એચજીએચ ઇન્ડિયાની મુલાકાત લેતો આવ્યો છું અને કેટેગરીઝ, પ્રોડક્ટ્સ તથા સાઇઝની દ્રષ્ટિએ અહીં જબરદસ્ત પ્રગતિ જોવા મળે છે. નવા વેપારીઓ, નવા પ્રદર્શનકર્તાઓ, નવી કેટેગરી, નવી પ્રોડક્ટસ જે મેં આ વખતે જોઇ – ફ્લોરિંગ્સ, કિચન, હાઉસ વેર, બેડિંગના નવા વેપારીઓ – ગયાં વર્ષ કરતાં ઘણો જ વેલ ઓર્ગેનાઇઝ્ડ અને ઘણો જ સારો શો છે.



**હંસ ઉદેશી,**

*મેક્સ હાઇપરમાર્કેટ ઇન્ડિયા, બેંગ્લુરૂ*

એચજીએચ ઇન્ડિયાની મુલાકાત મેં આ પહેલાં પણ લીધેલી છે. અહીં અમને આંતરરાષ્ટ્રીય સ્તરની કેટેગરીઓ જોવા મળી છે. મારે ચોક્કસ કહેવું રહ્યું કે વર્ષ દર વર્ષ આ શો પ્રગતિ કરતો જાય છે. એક જ સ્થળે બહુ ઘણી વિવિધતાઓ અને અનેક રેન્જની પ્રોડ્ક્ટ મેળવવામાં, એચજીએચ ઇન્ડિયા, અમારા માટે ખૂબ ફાયદાકારી છે.



**શેંગ ડી, સીસેતે,**

*વાણિજ્ય મંત્રાલય, ચીન*

અમે યૂએસ અને યૂરોપમાં કેટલાય આંતરરાષ્ટ્રીય વ્યાપાર શોમાં ભાગ લીધો છે, પરંતુ આ શો તેના કરતાં અનેક ઘણો વ્યાવસાયિક રીતે આયોજિત કરાયેલો શો છે. પહેલા જ દિવસે અમારા એક્ઝિબિટર્સને ત્યાં સારી એવી સંખ્યામાં વિઝિટર્સ આવ્યા. ભારતમાં અમે પહેલી જ વખત પ્રદર્શનમાં ભાગ લીધો છે, અમારી ધારણા કરતાં અનેક ઘણો વધારે રિસ્પોન્સ મળ્યો છે.

**વિશી પૂસિત્રાનુસોર્ન,**

*મેનેજિંગ ડાયરેક્ટર – ડીકેડબ્લ્યૂ, થાઇલેન્ડ*

એચજીએચ ઇન્ડિયા દ્વારા અમને વધુ ને વધુ સારો ફીડબૅક મળતો જાય છે. ભારતનાં બજારમાં રહેલી અનેકઘણી શક્યતાઓથી અમે ખૂબ આનંદિત છીએ. આ વર્ષે આ ફેર વધારે સારી રીતે આયોજિત કરાયો છે અને મોટો પણ છે. ગ્રાહકોની સંખ્યા વધુ જોવા મળે છે.

**જુઆન જોસ વેલોર,**

*ગુપાલહોગર એસએલ, સ્પેન*

''આ એક સારો શો છે, ભારતમાં અમે પહેલવહેલી વખત ભાગ લઇ રહ્યા છીએ. વિઝિટર ઇન્કવાયરી સારાં એવાં પ્રમાણમાં મળી છે. શો પૂરો થયા પછી સારાં એવાં ઇન્ટરૅક્શન્સ થવાની અમને આશા છે.''

**દસુકે કિદોકોરો**

*સેલ્સ મેનેજર – ટોસો, જાપાન*

એચજીએચ ઇન્ડિયામાં અમે અનેક ભારતીય ગ્રાહકોને મળ્યા, જેમને અમારી પ્રોડક્ટ્સમાં રસ છે. વ્યક્તિગત રીતે હું આને એ રીતે જોઉં છું કે ભારતીય બજારમાં અમારી બ્રાન્ડ અને પ્રોડક્ટ્સને વિસ્તારવાની આ એક ખૂબ સારી તક છે.



**અનિશ દોશી,**

ટેક્સટ્રેડ ઇન્ટરનેશનલ લિ.

'' પહેલાં અમે એક્સપોર્ટ્સમાં હતા. ગયાં વર્ષે મેં એચજીએચ ઇન્ડિયાની મુલાકાત લીધી અને ભારતનાં બજારોમાં તક શોધવાનો વિચાર આવ્યો. આથી જ, આ શોમાં એક્ઝિબિટ કરવાનું પસંદ કર્યું અને રિસ્પોન્સ ખૂબ સારો રહ્યો છે.''

અમારા શરૂઆતના અનુભવો ઉપરથી અમે જે શીખ્યા, તેને આધારે અમે આ વર્ષે આગળ વધીશું અને ભારતના ડિસર્નિંગ રીટેલરોને અમારાં વિશ્વસ્તરીય મેડ–અપ્સની રેન્જ ઑફર કરીશું.

## પ્રદર્શનકારો કહે છે



**નિમિશ અરોરા,**

પ્રબંધ નિદેશક ,

ડિસિટેક્સ ફર્નિશિંગ્સ લિ.

એચજીએચ ઇન્ડિયા, દેશભરમાં અમારો બિઝનેસ વધારવામાં અમને મદદરૂપ થયું છે. એચજીએચ ઇન્ડિયા ૨૦૧૬ની આગામી આવૃત્તિમાં અમે ઘણાં ઇનોવેશન્સ અને નવી પ્રોડક્ટ લાઇન્સ લૉન્ચ કરશું – જેમ કે ઇટાલિયન વૉલ પેપર્સ અને ફોઇલ પ્રિન્ટેડ ફર્નિશિંગ ફેબ્રિક્સ. અમારાં બેડ લિનન કલેક્શન્સમાં પણ અમારા ડીલરો વધુ ઇનોવેશનની આશા રાખી શકે છે.



**રજનીશ ભાટિયા,**

*બિઝનેસ હેડ (ડોમેસ્ટિક)*

*ટ્રાઇડન્ટ ગ્રૂપ*

'' ટેરી ટોવેલ્સમાં ટ્રાઇડન્ટ એક સુસ્થાપિત વૈશ્વિક ખેલાડી છે. ગયે વર્ષે અમે નક્કી કર્યું કે અમારી હોમ ટેક્સટાઇલ્સની પૂરી રેન્જ સાથે, ભારતનાં બજારમાં બધાં જ સેગમેન્ટમાં જવું. અમને લાગ્યું કે, આ માટે એચજીએચ ઇન્ડિયા કરતાં વધારે સારું પ્લેટફોર્મ કોઇ હોઇ જ ન શકે.''

તેની આગામી આવૃત્તિમાં અમે કેટલીક આકર્ષક નવી પ્રોડક્ટસ લૉન્ચ કરવાનું વિચારીએ છીએ, જે ટ્રાઇડન્ટના ગ્રાહકો માટે ટ્રાઇડન્ટની વિશાળ રેન્જ ઑફર કરનારી બની રહેશે.



**સંજીવ કપૂર,**

*પ્રબંધ નિદેશક,*

*ખાનાખઝાના પ્રા. લિ.*

મને કહેતાં અત્યંત આનંદ થાય છે કે એચજીએચ ઇન્ડિયાએ ખૂબ જ ટૂંકા સમયગાળામાં ઇન્ડસ્ટ્રી માટે એક વિશિષ્ટ વાતાવરણ રચી દીધું છે. અહીં ફક્ત મુલાકાત લેવી પૂરતી નથી થતી, બલ્કે આંતરરાષ્ટ્રીય અભિગમયુક્ત દ્રષ્ટિકોણ મળે છે. એચજીએચ ઇન્ડિયાની સુવિધાઓની જે ગુણવત્તા અને સ્તર છે, તે જ તમને વિદેશમાં પણ જોવા મળે છે. મને ખુશી છે કે ફક્ત સંજીવ કપૂર બ્રાન્ડ જ નહીં, વન્ડરશેફ અને અમારી ટીવી ચેનલ ફુડફુડ પણ એચજીએચ ઇન્ડિયા સાથે સંકળાયેલી છે. આ એસોસિએશન અહીંથી આગળ વધતું રહેશે.



**દીપાલી ગોએન્કા,**

*પ્રબંધ નિદેશક, વેલસ્પન રીટેલર*

એચજીએચ ઇન્ડિયા ૨૦૧૬ દ્વારા અમે અમારી નવી રેન્જ રજૂ કરવાના છીએ અને અમને પૂરો વિશ્વાસ છે કે રીટેલરોને પણ તેમના બિઝનેસ માટે તે ઘણી જ ફાયદાકારી પુરવાર થશે.

મેં જોયું છે કે, એચજીએચ ઇન્ડિયામાં મુલાકાતીઓની સંખ્યામાં ૫૦% લેખે વધારો થાય છે. આપણા દેશની જીડીપી ૭.૫%થી ૮% ના દરે વધે છે ત્યારે, ભારતનું બજાર ખૂબ ઝડપથી વિકસશે. ભારતમાં વેલસ્પનની બ્રાન્ડ સ્પેસીસ માટે ઘણો જ સારો રિસ્પોન્સ જોવા મળ્યો છે. ગયાં વર્ષે અમારો વૃદ્ધિ દર લગભગ ૩૫% રહ્યો. આ વર્ષે અમારો વૃદ્ધિ દર આશાસ્પદ, લગભગ ૬૫% છે. તમે કલ્પના કરી શકશો કે ભારતનું બજાર કયા દરે વધતું અને વિકસતું જાય છે. એચજીએચ ઇન્ડિયા આ વૃદ્ધિમાં ફાળો આપે છે.



**વિજય અગ્રવાલ,**

*ચેરમેન, ક્રિએટિવ પોર્ટિકો*

મને લાગે છે કે એચજીએચ ઇન્ડિયા, સમયની માંગ હતી. આજે અહીં હું જે જોઉં છું, તેનાથી ઘણો જ પ્રભાવિત છું. મને લાગે છે કે લોકો હોમ ફેશનની દુનિયાથી રૂબરૂ થાય, તે તેમના માટે જરૂરી હતું. જો તેઓ સમજે કે હોમ ફેશન શું છે અને ઘરને કેવી રીતે સુંદર બનાવી, સજાવી શકાય. તમારાં વસ્ત્ર પરિધાનની સાથે સાથે, ઘર પણ અગત્યનું છે. એચજીએચ દ્વારા તે ભૂમિકા અદા કરવામાં આવી છે. મને લાગે છે કે ભવિષ્યમાં પણ તેઓ ઘણું જ સારું કામ કરશે. મને આશા છે કે તે ખરેખર એક વિશાળ અસ્તિત્વમાં પરિણમશે.



**કુલદીપ વટ્ટલ,**

*ચેરમેન – સીઇપીસી*

ભારતમાં જ્યાં સુધી હોમ ટેક્સટાઇલ અને કાર્પેટ ક્ષેત્રની વાત છે, વર્ષો વીતવાની સાથે આ શો, ભારતનો એક સૌથી મોટો શો બની રહેશે. જ્યાં સુધી કાર્પેટ એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલને લાગે વળગે છે, હું પહેલી જ વખત અહીં આવ્યો છું, પરંતુ મારા પાર્ટિસિપન્ટ્સની સંખ્યામાં, સમયની સાથે ઘણો જ વધારો થયો છે. આગામી વર્ષોમાં, તેઓ પણ બહુ મોટા પાયે, આ શોનો હિસ્સો બનવા માટે તૈયાર છે.

**જુલાઇ ૧-૩, ૨૦૧૬ બોમ્બે એક્ઝિબિશન સેન્ટર, ગોરેગાંવ (પૂ.) મુંબઇ.**

# પ્રવાહો ૨૦૧૬/૧૭ ■ પ્રાપ્તિસ્થાનો ■ નવીન વ્યાપાર ■ અવસરો

















## Visitor Registration Form

HGH INDIA 2016 Homedécor Gifts Houseware
Redefining Sourcing

☐ Mr. ☐ Ms. ☐ Mrs.

Name____________________

Designation____________________

Company____________________

Address____________________

City__________ Pin Code __________ State __________

Telephone (Off.)__________ Fax __________

Mob 1 __________ Mob 2 __________

Email 1 __________ Email 2 __________

Website____________________

### A. Type(s) of your Business (Please tick ☑)

**Retailer**
- ☐ Department Store
- ☐ Traditional Store
- ☐ Mail Order House
- ☐ Boutique
- ☐ Hyper Market
- ☐ Cash and Carry
- ☐ Discount Store
- ☐ Other__________
- ☐ Speciality Stores(MBOs)__________
- ☐ Speciality Stores(EBOs) __________

**Trade Representative**
- ☐ Sales Agent
- ☐ Brand Representative
- ☐ Distributor
- ☐ Importer
- ☐ Wholesaler

**Buyers**
- ☐ Interior Designer
- ☐ Corporate Gifts
- ☐ Gift Suppliers
- ☐ Buying Houses

**E-Commerce**
- ☐ Online Retailers
- ☐ Other__________
- ☐ TV Shopping __________
- ☐ Mail Order

**Industry**
- ☐ Manufacturer
- ☐ Brand Owner
- ☐ Exporter

**Others**
- ☐ Service Provider
- ☐ Trade Association
- ☐ Government

### B. Products of your interest

**Home Décor**
- ☐ Ceiling
- ☐ Floor
- ☐ Wall
- ☐ Decorative Accessories
- ☐ Windows
- ☐ Lifestyle

**Home Textiles**
- ☐ Sleeping
- ☐ Living
- ☐ Bath
- ☐ Furnishing
- ☐ Table & Kitchen

**Gifts**
- ☐ Corporate
- ☐ Personal
- ☐ Festive

**Houseware**
- ☐ Cookware
- ☐ Maintenance
- ☐ Kitchen Appliances
- ☐ Cleaning
- ☐ Tableware
- ☐ Storage
- ☐ Bathroom
- ☐ Outdoor

**Services**
- ☐ Trade Publication
- ☐ Visual Merchandising
- ☐ Institutional
- ☐ IT Solutions
- ☐ Retail Management
- ☐ Other Support Services (Specify)__________
- ☐ Logistic

### C. Purpose of your visit

- ☐ Source International Products
- ☐ Source Indian Products
- ☐ Find New Suppliers
- ☐ Meet Current Suppliers
- ☐ Find Agent / Distributor
- ☐ New Business Opportunities
- ☐ Product Innovations/Trends
- ☐ Market Information
- ☐ Other (Please Specify)__________

### D. How did you learn about this Trade Show?

- ☐ Internet
- ☐ Email
- ☐ Website
- ☐ Direct Mailer
- ☐ Newspaper
- ☐ Hoardings
- ☐ Advertisements
- ☐ From Exhibitor
- ☐ From Organiser
- ☐ Word of Mouth
- ☐ Other (Please Specify)__________

### E. Have you visited any previous edition of HGH India?

☐ HGH India 2013 ☐ HGH India 2014 ☐ HGH India 2015 ☐ All Editions ☐ None

*Important notes:*
*1) Incomplete form in any respect will not be accepted. It is mandatory to fill the column Invited by.*
*2) HGH India is strictly a Trade Show. Therefore entry to consumers is not allowed. No retail purchase permitted. You can be disqualified if found doing retail purchases. 3) Children below 15 years are not allowed*

Duly filled form to be sent by Fax: +91-22-2421 4116 or Email: visitors@hghindia.com or by post latest by 10th June, 2016 to the address mentioned below. You can also register online at www.hghindia.com>visitors>visitor registration


**આયોજક : ટેક્સઝોન ઇન્ફોર્મેશન સર્વિસીસ પ્રા. લિ.**
૪૩૧, કલિઆનદાસ ઉદ્યોગ ભવન, સેન્ચુરી ભવન પાસે, પ્રભાદેવી, મુંબઈ – ૪૦૦૦૨૫.
ફોન : +૯૧ (૨૨) ૨૪૨૧ ૪૧૧૧ ફેક્સ : +૯૧ (૨૨) ૨૪૨૧ ૪૧૧૬ ઈમેલ: exhibitors@hghindia.com
**દિલ્લી કાર્યાલય :** યૂનિટ નં.: ૧૦૦૩, વિક્રાન્ત ટાવર, રાજેન્દ્ર પ્લેસ, નવી દિલ્લી – ૧૦૦ ૦૦૮.
ફોન : +૯૧ (૧૧)૨૫૭૧ ૪૧૧૧ ફેક્સ : +૯૧ (૧૧) ૨૫૭૧૪૧૧૬ ઈમેલ: exhibitors@hghindia.com

**એક્ઝિબિટર સંપર્ક**
**ભારત :** મુકેશ અગરવાલ કાર્યાલય : + ૯૧ (૨૨) ૨૪૨૧ ૪૧૧૧ મોબ : +૯૧ ૯૮૨૧૩ ૧૦૪૫૩
ઈમેલ: mukesh.agarwal@hghindia.com
યૂરોપ : રિયા રેસન, એક્સ્પો + કનસલ્ટિંગ એસોશિએટ્સ, એમ્સ્ટર્ડેમ સ્ટ્રીટ, ૪૪, ડીઈ– ૪૦૪૭૪ ડસેલડોર્ફ, જર્મની,
ફોન : +૪૯ ૨ ૧૧ ૬૫૪૯૪૫૩ ફેક્સ: +૪૯ ૨ ૧૧૬૫૪૯૪૫૬. ઈમેલ: pia.ryhsen@expoandconsulting.com

**મુલાકાતી સંપર્ક કરે ભારત**
મિ. અમર શર્મા મોબ.: +૯૧ ૯૯ ૬૭૬ ૦૦૨૮૬ અથવા કાર્યાલય : +૯૧ (૨૨) ૨૪૨૧ ૪૧૧૧ ઈમેલ: visitors@hghindia.com
કુ. વિદ્યા વર્ધમાન મોબ.: +૯૧ ૯૯ ૬૭૬ ૦૦૫૭૬ કાર્યાલય : +૯૧ (૨૨) ૨૪૨૧ ૪૧૧૧ ઈમેલ : +૯૧ (૨૨) ૨૪૨૧ ૪૧૧૧
ઈમેલ: visitors@hghindia.com